પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com


# :: જાહેરનામું ::

**:: ફોજદારી કાર્યકરીતી અધિનીયમ-૧૯૭૩(૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ ::**

**ક્રમાંક : એસ.બી./મોબાઇલ/ સીમ કાર્ડ લે-વેચ અંગે મહિતી રાખવા બાબતે/ ૧૦૦/૨૦૨૪**

રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઇલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઇલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઇલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરી ને ગુન્હાના મુળ સુધી પહોચવા પ્રયત્નો કરવામાં આવે છે.

ઘણી વખતે મોબાઇલ ફોનના વપરાશ કર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળેલ છે કે, તેમને કોઇ અજાણ્યા માણસ પાસેથી મોબાઇલ ખરીદેલ છે. જે મોબાઇલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હાઓમાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઇલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોચે ત્યારે એવુ જાણવા મળે છે કે મોબાઇલ કોઇ અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે. જેથી તપાસમાં કોઇ ફળદાયક હકીકત મળતી નથી. આ બાબતે કોઇ વ્યક્તિઓ મોબાઇલ/ સીમકાર્ડ હેન્ડસેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઇપણ ઓળખપત્ર વગર લેનાર/વેચનારની જવાબદારી નકકી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઇલના વપરાશકારને તે મોબાઇલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેચીયો તે જાણવુ જરૂરી જણાય છે.

હવે પછી કોઇ દુકાનદારે/કંપનીએ કોઇ વ્યકિતને મોટી સંખ્યામાં(બ્લક) સીમકાર્ડ આપવા નહીં તેમજ એક થી વધુ સીમકાર્ડ ની ખરીદી કરે તો વેચનાર દુકાનદાર/ કંપનીએ આ અંગેની માહિતી સ્થાનીક પોલીસ સ્ટેશનમાં જમાં કરાવવાની રહેશે.

**-:: હુ ક મ ::-**

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ -૧૯૭૩(૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે, સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં જુના મોબાઇલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઇલ લેતા પહેલા મોબાઇલ વેચનારનું તથા જુના મોબાઇલ વેચતી વખતે મોબાઇલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ સરનામું નોંધવુ ફરજીયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમવાઇઝ રજીસ્ટરો નિભાવવામા આવે તે જરૂરી છે.

**:: જુના મોબાઇલ ખરીદતી કે વેચતી વખતે વેપારીએ નિભાવવાનુ રજીસ્ટર ::**

| અ.નં. | મોબાઇલની વિગત/કંપની | IMEI NO. | મોબાઇલ બીલની વિગત | મોબાઇલ વેચનાર / ખરીદદારનું નામ સરનામાની વિગત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|---|
| | | | | | |

**:: સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર ::**

| અ.નં. | સીમકાર્ડ ની કંપની | સીમકાર્ડ નંબર | બીલની વિગત | સીમકાર્ડ વેચનાર / ખરીદદારનું નામ સરનામાની વિગત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|---|
| | | | | | |

આ ઉપરાંત કોઇ એક વ્યક્તિ બીજી વ્યક્તિ પાસેથી સીધો મોબાઇલની લે-વેચ કરે ત્યારે મોબાઇલ વેચનાર વ્યક્તિ પાસેથી ખરીદ કરનાર વ્યક્તિએ મોબાઇલ વેચનાર વ્યક્તિનું ID પ્રુફ અને પુરૂ નામ સરનામું મેળવી એક નકલ પોતાની પાસે રાખી બીજી નકલ નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાનુ રહેશે. દરેક પોલીસ સ્ટેશનમાં ઉપર મુજબના કોલમનું રજીસ્ટર નીભાવવાનું રહેશે.

:: **<u>અમલવારીનો સમય</u>** ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં **<u>તા.૨૫/૦૫/૨૦૨૪ ના કલાક:૦૦/૦૦ થી તા.૨૩/૦૭/૨૦૨૪ ના કલાક:૨૪/૦૦</u>** સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

:: **<u>શિક્ષા</u>** ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇંસપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: **<u>જાહેર વિજ્ઞપ્તિ</u>** ::

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશ. ગુજરાત પોલીસ એક્ટ કમલ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ. ૨૩/૦૫/૨૦૨૪ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર એસ. બી. સુરત શહેર

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

<u>પ્રતિ,</u>

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી  સેક્ટર-૧ સુરત શહેર
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી  ટ્રાફિક તથા ક્રાઇમ,  સેક્ટર-૨ સુરત શહેર
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીતમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

<u>સવિનય નકલ રવાના :-</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી  સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)